જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૨/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૦૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૭૩૫ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩૯૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૦૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૦૫/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ એન્ટેલીયા વન, ન્યુ ગુંજન ફ્લેટ, તેજસ સોસાયટી પાસે, નિર્ણયનગર ગરનાળા ખાતે રહેતા ૬૭ વર્ષના વૃધ્ધ પુરૂષ એ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૯૪૪૯૨૮૭૧૦ ના ધારકે વૃધ્ધ પુરૂષને ફોન કરી પોતાની ઓળખ સંદિપ રોય આઈપીએસ બોમ્બે પોલીસ તેમજ મોબાઈલ નંબર ૭૨૦૭૩૧૭૮૧૪ ના ધારકે પોતાની ઓળખ પ્રદિપ જયસ્વાલ ક્રાઈમ બ્રાન્ચ મુંબઈ તરીકે આપી સાદો કોલ તેમજ વોટ્સએપ વિડિયો કોલ કરી પોતે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી વાત કરતા હોવાનું જણાવી વિડીયોકોલમાં પોલીસ ડ્રેસ પહેરી વિશ્વાસ ભરોસો કેળવી જણાવેલ કે ઈસ્લામિક ઓર્ગેનાઝેશનના અબ્દુલ રહીમ બંગ્લામાં રેડ કરતા ત્યાંથી વૃધ્ધ પુરૂષનું આધારકાર્ડ મળેલ છે, જે આધારકાર્ડનો ઉપયોગ મની લોન્ડરીંગમાં થયેલ છે તેવું જણાવી ED ના લોગોવાળો ૨ કરોડના બ્લેક મની રીલેટેડ મની લોન્ડરીંગના ફોડનો સહીવાળો તથા G.O.I અને રાષ્ટ્રચિહ્નવાળો સ્પષ્ટ વાંચી શકાય નહી તેવા સિક્કાવાળો બનાવટી લેટર મોકલી ડરાવી ધમકાવી વૃધ્ધ પુરૂષ પાસે તથા તેમના પરિવારની બેંક બેલેન્સ તથા પ્રોપર્ટીની માહિતી વિડિયો કોલમાં મેળવી જણાવેલ કે, સુપ્રીમ કોર્ટના જજના આદેશ અનુસાર તમારા પૈસા વ્હાઈટ છે કે બ્લેક તે ચેક કરવા માટે તમારે તમારા પૈસા વેરીફીકેશન માટે મોકલવાના રહેશે. જો તમારા પૈસા વ્હાઈટ હશે તો તમને પરત મળી જશે તેવું જણાવી બળજબરીથી વૃધ્ધ પુરૂષ પાસેથી રૂપિયા ૧૫,૨૦,૦૦૦/– તેઓના અલગ–અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વૃધ્ધ પુરૂષ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા ૭૪ વર્ષના નિવૃત મહીલાએ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૫ સવારના ૯/૩૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૯૬૭૫૩૫૯૧ તથા ૮૭૦૯૨૪૪૧૫૮ ના ધારકોએ નિવૃત મહીલા નાઓને ફોન કરી બેંક ઓફ ઈંડીયાની ઝોનલ ઓફિસમાંથી વાત કરતા હોવાનું જણાવી નિવૃત મહીલા નાઓનું પેન્શન સર્ટીફીકેટ અપડેટ કરવાના બહાના હેઠળ વાતચીત કરી નિવૃત મહીલાના દસ્તાવેજ તેમજ બેન્કની માહિતી મેળવી લઈ નિવૃત મહીલાના અલગ–અલગ બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૬,૯૭,૬૪૪/– ઓનલાઇન તેઓના અલગ–અલગ બેંકના ખાતામાં મેળવી લઈ નિવૃત મહીલા સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૦૬/૨૦૨૫**

ઈસનપુરઃ ઈન્દ્ર સ/ઓ નરેશભાઈ પ્રજાપતિ (રહે. ધ્વની ટેનામેન્ટ મોતીબાગ સોસાયટીની બાજુમાં ઈસનપુર) એ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૧/૨૦૨૫ થી તા.૦૩/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરી તથા પેટી પલંગના તાળા તોડી સોનાની વિંટી નંગ–૨ તથા ચાંદીના બે બિસ્કીટ તેમજ ચાંદીના સિક્કા નંગ–૧૦ અને રોકડ રૂપિયા ૨,૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૦૭/૨૦૨૫**

રામોલઃ લક્ષ્મીબહેન વા/ઓ બેલપ્પા કોળી (ઉ.વ.૫૦) (રહે. ગાંધી લેપ્રોસી સેવા સંઘ રીટાનગર પાસે વસ્ત્રાલ) તા.૦૩/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હીટર ચાલું કરી ઘડામાં પાણી ગરમ કરતા હતા દરમ્યાન વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હરેશભાઇ મથુરભાઇ ચલાવે છે.

અપમૃત્યઃ– **સમાચાર યાદી નં.૧૭૦૮/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ ગોતા સુપર શાલીગ્રામ નવી બનતી સાઈટ ખાતે ફર્નીચરનું કામ કરતા અને ચાણકયપુરી સેકટર–૦૩ ખાતે રહેતા દિપક સ/ઓ પ્રતાપ વિશ્વકર્મા (ઉ.વ ૨૯) (મુળ વતન. ગામ–શંકરપુર મગરદા પોસ્ટ–અશોકનગર મધ્યપ્રદેશ) નાઓ તા.૦૩/૧૨/૨૦૨૫ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દેવનગર ગોતા સુપર શાલીગ્રામ સાઈટના ડી બ્લોકના કોઈપણ માળથી લીફ્ટના બેઝમેન્ટમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૦૯/૨૦૨૫**

સાબરમતીઃ ત્રાગડ ગ્લોબલ ઇંટરનેશનલ સ્કુલની પાસે વિશાલા ઓલીવીયા ફ્લેટ ખાતે સિક્યુરીટી તરીકે નોકરી કરતા હસમુખભાઈ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૪૬) (રહે. પટેલ જેઠાલાલ સોમનાથની ચાલી વિજયનગર રેલવે કોલોની પાસે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૫ રાતના કલાક ૦૩/૨૨ વાગ્યા પહેલા નોકરીના સ્થળે વિશાલા ઓલીવીયાના બી બ્લોકના ઘાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

વટવાઃ રામદાસભાઇ જુગાભાઇ ચુનારા (ઉ.વ.૫૮) (રહે. દેવીમાતાના મંદિર સામે રાજગુરૂ ફેકટરી પાછળ બચુભાઇ પટેલના કુવા પાસે વટવા) એ બીમારીથી કંટાળી તા.૦૩/૧૨/૨૦૨૫ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે જિન્નાત શાહપીર દરગાહ પાસે કુવામાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી